છે. માટે બીજી વાર, આ રાજાઓ પાસે અધિકાર બહારનો કર માંગવો યોગ્ય નથી, રાજકોષમાં સંપત્તિ પણ નથી. તો ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ લાવવી ક્યાંથી ? ખૂબ જ મનોમંથનને અંતે તપસ્વી રઘુરાજાએ કુબેર ઉપર ચડાઇ કરવાનો વિચાર કર્યો. પણ કુબેરને જ્યારે આ વાવડ મળ્યા ત્યારે કુબેરે એ રાત્રે જ પોતાના ભંડારમાંથી ધનનો વરસાદ વરસાવીને રઘુનો રાજકોષ છલકાવી દીધો. રાજશ્રી રઘુએ કૌત્સને કહ્યુ કે, તુ આ બધી સુવર્ણમુદ્રાઓ લઇ જા. કૌત્સે કહ્યુ કે, મારે તો ગુરૂને આપવા માટે કેવળ ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ જોઇએ છે. એનાથી વધુ મારે લેવી નથી. ત્યારે રઘુરાજાએ કહ્યુ કે, હે ઋષિબાળ આ બધી સુવર્ણમુદ્રાઓ આપના નિમિત્તે જ મળી છે જેથી એના પર મારો અધિકાર નથી.

રઘુરાજાએ કૌત્સના નામે કુબેર પાસેથી મળેલી સુવર્ણમુદ્રાઓને સ્પર્શ કરવા પણ તૈયાર ન હતાં. રઘુરાજાના આ ત્યાગથી પ્રસન્ન થયેલા કૌત્સે આશિર્વચન આપતાં કહ્યુ કે, હે રઘુ ! તમારૂં નામ જગતભરમાં પ્રખ્યાત થશે જ અને તમારે ત્યાં મહાપ્રતાપી પુત્ર પેદા થશે.

ઋષિબાળ કૌત્સની સુભાશિષથી રઘુને ત્યાં અજ નામનો પુત્ર થયો. આ પુત્ર અજ યુવાન થતાં તેને અયોધ્યાનું રાજ્યપદ સોંપી રઘુરાજાએ પુનઃ વનમાં પ્રયાણ કરી પર્ણકુટિરમાં સ્થાયી ઉગ્ર તપસ્યા આદરી. તો આવા ત્યાગી - તપસ્વી અને મહાન દાનેશ્વરી હતા આપણાં પૂર્વજ આધસંત શ્રી રઘુ મહારાજ...

॥ જય શ્રી રઘુવિર ॥

## હિન્દુ ધર્મ-અસ્મિતાનાં રક્ષક

# દરિયાલાલ દાદા – લાલ ઉદેરા

ગુજરાત - કચ્છનો લોહાણા સમાજ જેને દરિયલાલના નામે અને સિન્ધી લોહાણા સમાજ જેમને ઝુલેલાલના નામે ઓળખે અને પૂજે છે તેમજ મુસ્લિમ જેમને જિંદપીર કહીને નવાજે છે અને અનેક લોકોની જબાન ઉપર જે લાલ ઉદેરાને નામે વિખ્યાત છે એવા આ મહાન સંત હિન્દુ ધર્મ - અસ્મિતાના રક્ષક દરિયાલાલ દાદા - ઝુલેલાલ દાદા - જિંદપીર (લાલ ઉદેરા) આજે તો ભગવાન બનીને પુજાય છે. સિંધમાં જ નહીં પણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને ભારતભરમાં જ્યાં-જ્યાં લોહાણા સમાજ - સિન્ધી સમાજ પહોંચ્યો છે ત્યાં - ત્યાં દરિયાલાલ - ઝુલેલાલનાં મંદિરો બન્યા છે. હિન્દુ ધર્મની અવતારોની માન્યતા પ્રમાણે ભગવાનનાં ૨૪ અવતારોનાં મંદિરોની જેમ જ દરિયાલાલ - ઝુલેલાલ દાદાની મૂર્તિઓ સ્થપાઇ છે, પૂજા - અર્ચના થાય છે. સિંધમાં હિન્દુઓનાં ધર્મ - અસ્મિતા બચાવવા માટે તેમણે જે ધર્મકાર્ય કર્યુ છે તેને કારણે હિન્દુ સમાજ દરિયાલાલ દાદાને અહોભાવથી પુજવા લાગ્યો છે અને એ ૨૫મા અવતાર ગણાયા છે.

સાતમી સદીમાં મહંમદ પયગંબર સાહેબના મૃત્યુ પછી ઇસ્લામ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે એશિયા ખંડમાં જોરદાર ધર્માંધ પ્રયત્નો થયાં. ભારતની સરહદે એ સમયે લોહર સામ્રાજ્યો હતાં. આ લોહર સામ્રાજ્યોએ ૩૦૦ વર્ષ સુધી મુસ્લિમ સતાનો સામનો કરીને મુસ્લિમોને હિન્દુસ્તાનમાં પ્રવેશતા અટકાવ્યા. મુસ્લિમ ધર્મની સ્થાપના પછી ૪૦૦ વર્ષ પછી દિલ્હીમાં મુસ્લિમ સત્તા શરૂ થઇ. જ્યાં સુધી સિન્ધમાં લોહાર સામ્રાજ્યો મજબુત હતા ત્યાં સુધી તેમણે ભારતનાં દરવાજે ખડકની જેમ પ્રહરી બનીને વિધર્મીઓનો સામનો કરી બલિદાનોના ભોગે તેમને પ્રવેશવા દીધા ન હતા.પરંતુ, આપણા પૂર્વજ મહારાણા વિર જશરાજનાં સમયમાં આંતરિક કલહના કારણે લોહર રાજાઓ હાર્યા અને લોહર સામ્રાજ્યો પડી ભાંગ્યા અને સિંધમાં મુસ્લિમ શાસન શરૂ થયુ જે દિલ્હી સુધી વિસ્તર્યુ અને અંતે આખા ભારતમાં મુસ્લિમોની સત્તા સ્થપાઇ.

ઇ.સ. ૧૩૯૪માં ધર્માંધ, ઝનુની મુસ્લીમ શાસક મરખશાહ સિંધની ગાદી પર ચડી બેઠો. બાદશાહ ઔરંગઝેબની જેમ તેણે હિન્દુઓ ઉપર અનેક અત્યાચારો ગુજાર્યા. તેનો વજીર આહા બાદશાહને હંમેશા હિન્દુઓ વિરૂદ્ધ ઉશ્કેરતો હતો. ધર્મઝનુની બાદશાહ મરખશાહે સિંધમાં ફરમાન બહાર પાડ્યુ કે, સમસ્ત હિન્દુઓ મુસ્લીમ બની જાઓ અથવા તમારો ધર્મ સાચો છે તેની ખાત્રી કરાવો. આ ફરમાન સાંભળી સિંધની સમગ્ર હિન્દુ પ્રજા ખળભળી ઉઠી, એ વખતે સિંધમાં અનેક જ્ઞાતિ સમાજનાં મહાજનો હતાં. આ ધર્મસંકટ ટાળવા નગરસમૈનું મહાજન ભેગું થયું, અને સર્વેએ નક્કી કર્યુ કે, સમગ્ર હિન્દુઓએ સાગરતટે જઇ સામુહીક જળસમાધિ લેવી. પરંતુ આમાનાં કેટલાક અનુભવીઓએ જણાવ્યુ કે, દરીયા કિનારે જઇ દરિયાલાલની આરાધના કરવી, વરૂણ દેવતા આપણને બચાવશે કાં મારશે.

સર્વાનુમતે કરાયેલા આ નિર્ણય પ્રમાણે નગરસમૈનાં મહાજન આગેવાનોએ સર્વેએ એકસાથે મળી વજીર આહા પાસે જઇને આઠ દિવસની મહેતલ માંગી. અને કહ્યુ કે, ‘આઠ દિવસમાં હિન્દુ ધર્મની સત્યતા સાબિત કરશું કાં મૃત્યુને ભેટી જશું.’

આમ કહી, નગરસમૈનો સમસ્ત હિન્દુ સમાજ માતાઓ, બહેનો, ભાઇઓ, અબાલવૃદ્ધ સૌ કોઇ હાથમાં ઝાંઝ-પખાજ, તંબુરા, કરતાલ, મજીરા લઇ દરીયાકાંઠે ઉમટી પડી, અન્નજળનો ત્યાગ કરી દરીયાદેવની પુજા - સ્તુતિ કરવા લાગ્યાં અને શાશ્વત પંડીતોએ પણ વરૂણદેવની પ્રાર્થના શરૂ કરી. ત્રણ દિવસ સુધી નગરસમૈની સમગ્ર હિન્દુ પ્રજાએ અહિંસક રીતે ભજન-કિર્તન સાથે સત્યાગ્રહ કરી ભક્તિભાવપૂર્વક દરીયાલાલ દાદાની પૂજા - ભક્તિ શ્રદ્ધાપૂર્વક કરતાં આખરે તેમની શ્રદ્ધાનો વિજય થયો અને તેમની પ્રાર્થનાં દરિયાલાલદાદાએ સાંભળી. ત્રીજે દિવસે સિંધુના નીર ખળભળી ઉઠ્યા અને આકાશવાણી સંભળાઇ કે, હે મારા સર્વ હિન્દુ ભક્તો તમે સર્વે ભયમુક્ત બની ઘરે જાઓ. તમને આવી પડેલું ધર્મસંકટ દુર કરવા હું થોડા દિવસમાં નરસપુરમાં અવતાર ધારણ કરીશ અને સર્વને ધર્મનો સાચો માર્ગ બતાવી તમો સર્વેને ધર્મસંકટમાંથી ઉગારી તમારી મુશ્કેલીને દૂર કરીશ.

ઉપર મુજબની થયેલ આકાશવાણી સાંભળી સર્વે જ્ઞાતિ સમાજના હિન્દુઓ હર્ષ અને આનંદથી ઝુમી ઉઠ્યાં અને ‘જય સાગરદેવ -જય વરૂણદેવ’ એવો જયઘોષ બોલતાં - બોલતાં નગરમાં પાછા ફર્યા. સમગ્ર હિન્દુ જ્ઞાતિ સમાજે પોતાનાં ધર્મ પ્રત્યે વ્યક્ત કરેલી અખૂટ અને અડગ આસ્થાથી ડઘાઇ ગયેલા સિંધ બાદશાહ મરકશાહની પાસે આકાશવાણીની વાત વા-વંટોળે પહોંચી અને બાદશાહે તેમનાં વજીર આહાને આદેશ આપ્યો કે,

‘હે આહા ! નરસપુરમાં જઇને તપાસ કરી આવો કે, આવો કોઇ ચમત્કારીક બાળક જન્મ્યો છે કે કેમ ?’

અને આકાશવાણી થયા મુજબ અને વરૂણદેવની વાણી પ્રમાણે એક અઠવાડીયા પછી નરસપુરમાં ઠક્કર રત્નરાયનાં ઘરે, માતા દેવકીમાંના

સૌજન્ય : ‘વિશ્વ લોહાણા પરિષદ’, તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬